વિનંતિ પત્ર.

આબુજીનું તથા પંચ તીર્થનું વર્ણન.

શ્રી આબુજીની જાત્રા કરનારા શ્રાવક ભાઇયો માટે
વાકેફ થવા સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શેઠ. અચળજી અમરશી.

ઠે. દેલવાડા—આબુ.

આવૃત્તિ ૩ જી. પ્રત ૫૦૦

અમદાવાદ.

શ્રી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપ્યું.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧

આબુજીનો મોટો નકશો તથા વિનંતીપત્રની ચોપડી
મળી નંગ ૨ ની

કિંમત ૦—૨—૦

શ્રી આબુજીનું

વિનંતિ પત્ર.

સર્વે શ્રાવક ભાઇઓને નમૃતા પુર્વક વિનંતી કરૂં છું જે શ્રી આબુજીની જાત્રા કરનાર સર્વ ભાઇઓને વાકેફ થવા માટે છે. તે ધ્યાનમાં લઇને વાંચી વાકેફ થઇ જાત્રા કરવા જવાથી ઘણું. સુલભ જણાય છે. જુવો કે પ્રથમ તો તીર્થ નજરે પડે તે વખતે રૂડા ભાવથી રૂડી રીતે નમસ્કાર કરીને શ્રીપંચ પરમેષ્ટીનું ધ્યાન ધરવું; કારણ કે તીર્થની ઉત્રતા એટલે વડીલપણું છે, માટે જુઓ કે શ્રીઆબુજીનું તીર્થ મરૂધર એટલે મારવાડમાં છે. વળી એવું કહેવાય છે જે મરૂધરમાં જે આંબા ન હોય પણ આંબારૂપી મોટું શ્રી આબુજીનું તીર્થ છે. જેમ આંબાનું રખોપુ કરેથી મીઠાં ફળ આપે છે તેમ એ તિર્થનું રખોપુ કરવાથી અથવા ભકિત કરવાથી મીઠાં મોક્ષરૂપી અવિચળ ફળ આપેછે માટે એ મરૂધરમાં એટલે મારવાડમાં આંબો છે તે આબુગીરીરાજ કેવો મોટો અને કેવો ઉંચો છે અને કેટલી જમીન રોકી છે કે મુળ પ્રથમ એટલે જમીન ઉપર ફરતી પ્રદક્ષણા એકવીશ જોજન એટલે ચોરાશી ગાઉની છે ને વચલે ભાગે નવ જોજન એટલે છત્રીસ ગાઉની છે ને ઉપરથી ત્રણ જોજન એટલે બાર ગાઉની છે તે આબુ ગીરીરાજ ઉંચો પાંચ

ગાઉ છે ને તે પાહાડ ઉપર બાર ગામ છે તેમાં હાલમાં સાત આઠ ગામ દેખવામાં આવે છે. બાકી ગામો પહાડના ઓઠામાં રહ્યાં છે તે શ્રી આબુ ગીરીરાજના નકશામાં પણ છપાવી પ્રસિદ્ધ કર્યા છે ને શ્રી આબુ ગીરીરાજના પહાડ ઉપરથી ઉતરવાના તથા ચડવાના બાર રસ્તા છે તેમાં હાલમાં ત્રણ રસ્તા ઉપર ઇંગ્રેજે સડક બાંધી છે. બેતો આબુરોડ ખરેડી સ્ટેશનથી જવાય છે ને ત્રીજી સડક ગામ અણાદરેથી જવાય છે. તે અણાદરાથી આવતા ડુંગરના થડમાં મોટું એક વૈશ્નવનું કોડીધ્વજ નામનું ઘણું ચમત્કારી તિર્થ છે. તેમાં હાલમાં ઘણો ભાગ આબુરોડ ખરેડી સ્ટેશનથી ઉતરીને જાય છે. તે હવે જાત્રા કરનાર શ્રી સંઘ જાત્રીને રેલની ગાડીથી આબુરોડ ખરેડી સ્ટેશનથી ઉતરીને બજારમાં જતાં સામો શ્રી શીરોહીના રાજા સાહેબનો માજીસ્ત્રેટ ખાતાનો બંગલો આવે છે ને ત્યાં નાકેદાર સામાન જુવે છે ને હાંસલ લેવામાં આવે છે. ત્યાંથી ડાબે હાથને માર્ગે કેસર ગંજમાં દરબાર સાહેબની બંધાવેલી એક મોટી ધર્મશાળા છે ત્યાં થઈ શ્રી અંબાજી જવાય છે અને ત્યાંથી શ્રી અંબાજી દસ ગાઉ પહાડમાં છે ને અંબાજીના દેરાથી એક માઇલ એટલે આશરે અડધો ગાઉ શ્રી કુંભારીઆજીના દેરાસરો મોટાં ને ઘણાં રમણિક ને આરસપહાણના કરાવેલાં છે, ને તેમાં ઘણી કોરણી સહિત પાંચ દેરાં છે તેમાં એક દહેરૂં મુળનાયકજી શ્રી નેમિસરજી મહારાજનું છે, આ શ્રી કુંભારીયાજીના દેરાસર હાલમાં વગડામાં છે ત્યાં બીજી કાંઈ વસ્તી નથી કારણ કે આગળ

ત્યાં કુંભલમેર નામની નગરી થઈ હતી તેથી કુંભારીઆજી નામ પડ્યું એવું સંભળાય છે. તે નગરીમાં બેંસાસા કરીને એક મોટા શેઠ થઇ ગયા છે તે શેઠે કીમીઓ કરવા ભઠીઓ કરી હતી તેના કાઠોડાના ઢગલા પડેલા છે તેને હાલમાં વૈશ્નવ તથા બ્રાહ્મણ લોકો નીંદારૂપે એમ કહે છે જે અંબાજીના આપથી દેરાં બળ્યાં છે, પણ તે વાત જુઠી છે. કાઠોડાના ઢગલા જોતાં કીમીઓ કરાવ્યો એમ સંભવે છે. વળી એ શેઠને અમરવેલ પણ મળી હતી. એ દેરાસરો શેઠ વિમળશાનાં કરાવેલાં હતાં. કારણ કે વિમળશા શેઠનાં માબાપ મરણ પામ્યાં પછી પોતે મુશાળમાં મોટા થયા. તેમનું મુશાળ આ કુંભલમેર નગરીમાં હતું. વળી એ શેઠે કોઈ અવસરે વણજારાની પોઠો ખરીદ કરી હતી તે પોઠમાં વણજારાની છોકરીને મારગમાં આવતાં નદીમાંથી પાર્શ્વનાથજીની મુરતી મળી હતી તે રમવાના કારણે પોઠમાં ઘાલી હતી. તે મુરતી પોઠમાંથી નીકળી તે ઘણી મેહેનતથી વણજારાની છોડીને બીજુ રમકડું આપી સમજાવીને લીધી ને શેઠે પોતાના ઘરમાં ઓછવ કરી સ્થાપન કરી તેથી તેને, શ્રી પાર્શ્વનાથજી મહારાજની આસતા ઘણી હતી. તેમના પ્રભાવથી તે બાર પાદશાહીના દીવાન થયા હતા ને તેમણે ઘણાં ઉત્તમ કામ કર્યાં હતાં. આ દેરાં ઘણાં સુંદરને તીરથ પણ મોટું છે. પણ ત્યાં ઘણા જાત્રાળુ લોક જઇ શકતા નથી. કારણ કે ગામમાં દાંતાના રાણાજીનું મુડકું તથા વળાઉ ઘણું લેછે માટે જાત્રી લોકો વધારે જઇ શકતું નથી. બીજુ હાલમાં ગામ દાંતાના રાણાજીને એકલા શ્રી કુંભારીયાજીની

જાત્રા કરે તેનું મુંડકું ઓછું લેવું તેવો ભાવ જણાય છે. તેવું થાય તો જાત્રી લોકો વધારે જાય ને ઉપજ પણ સારી થાય. હવે આબુગેડ સ્ટેસન સામે માજીસ્ટ્રેટના બંગલાની જમણે હાથે બાજુ બુધસીંગ બીસનચંદના મકાનમાં એક ધર્મશાળામાંથી જવાય છે. ફક્ત એ ધર્મશાળા જૈનધર્મી ભાઈઓને ઉતરવા સારૂ કરાવી છે તેમાં કોઈ પાસેથી ભાડુ લેવાનો હક રાખ્યો નથી. આ ધર્મશાળાના દરવાજા ઉપર એક નાનું ઘણું સુંદર દેરાસર છે તેમાં ત્રણ પ્રતિમાજી છે. ત્યાંથી પછી શ્રી આબુજી ઉપર જવા સારૂ ગાડી, ઘોડા તથા બેલગાડી મજુર વીગેરે મળે છે ને ત્યાંથી જતાં મારગમાં શ્રી શીરોહી દરબાર સાહેબની તરફથી મુંડકું માથા દીઠ રૂ૧)ના આશરે લેવાય છે પણ જોગી જંગમ, સાધુ, સાધવી, સેવક, ભિક્ષુક, બ્રાહ્મણ, રજપુત, મુસલમાન, ચાકર, સીપાઇ એટલાનું માફ કરે છે તેવું સંભળાય છે ને તે મુંડકાનાં પૈસા લઈ પછી ટીકટો આપે છે. ત્યાંથી જતાં નદી ઉતરીને બે મારગ છે. તે મારગ વચ્ચે ઇંગ્રેજ લોકની ખુરાક છે તે ખાણું ખાવા માટે છે. એ મારગે જતાં ડુંગરના થડમાં શ્રી રખી કૃષ્ણજીનું એક મોટું દેરૂં છે તે પાંડવ વનવાસ આવ્યા તે વખતનું બંધાવેલું છે એમ કહેવાય છે તથા ત્યાં ચંદ્રાવતી નગરી હતી તેનું ખંડેર એટલે એંધાણીઓ પણ હાલમાં દેખાય છે. તે દેરા પાછળ પાણીનો એક મોટો કુંડ પથ્થરથી બાંધેલો છે. વડના ઝાડ નીચે પાણીની પરબ પણ બેસે છે ને ત્યાં શીરોહીરાજની તરફથી થાણું આગળ હતું તે હવે નથી, ને ચોકી પણ નથી. મારગ સુનો પડયો

છે. ત્યાં જાત્રાળુ લોકો જતા નથી, ને ખરેડીની ઉપરથી નવી સડક કરી છે તે ઉપર ગાડી, બગી, ઘોડા તથા ઉંટ વીગેરે સરવે જાતની સ્વારીઓ જાય છે, તે સડક ગામ માનપર ઉપર થઇને જાય છે. ત્યાંથી ડુંગરે ચઢતાં ઘણી સારી રમણીક સડક તથા હવા આવે છે ને ડુંગરે ચઢતાં ગાઉ ગાઉએ ચોકીઓ આવે છે તે એકથી બીજી ને બીજીથી ત્રીજી એમ કરતાં ચોકીઓએ મુકી પાછા વળે છે. તે ડુંગર ઉપર ગાઉ ત્રણને આશરે ચડયા એટલે છીબાવેડી આવે છે. ત્યાં પાણી ઘણું સુંદર છે. આંબા વીગેરે ઝાડ પણ ઘણાં તેથી શીતળતા ઘણી ને હવા પણ ઘણી સારી આવે છે. ત્યાંથી આગળ, ઉપર ચડયા એટલે સાત ભોંમી એટલે એક ડુંગરને સાત આંટા ચડવાના મુકયા છે તેને સાત ભોમી કહે છે. ત્યાંથી પછી સીધી સડકે આગળ જતાં ગામ આરણા આવે છે. તે ગામ પાસે તલાટીની ધર્મશાળા શ્રાવકોની બંધાવેલી છે. તે ધર્મશાળામાં શ્રાવક લોકોને જાત્રા કરી આવતાં ભાતુ ખાવામાં લાડુ તથા સેવો મળે છે. બીજી જાતને પોસ પોસ શેકેલા ચણા મળે છે તથા પાણીનો કુવો તથા કુંડ પણ છે ત્યાં આગળ સ્વામિભક્તિ ઘણી સારી થાયછે એ તલાટીના ભાતાખાતાનો વહીવટ અવચલગઢના કારખાના તરફથી થાય છે. તલાટીથી થોડે દુર ગએથી બે મારગો એટલે બે સડકો ભેગી થાય છે મારગમાં પાણીની પરબો પણ આવે છે. ત્યાંથી પછી ગામ આરણા પાસે થઇને અંગ્રેજી કાંપમાં જવાય છે. ને તે કાંપ સુધી જવાનો મારગ ઘણોજ સારો અને સરખો છે ને એ મારગે ચાલતી વખતે હવા તો એવી આવે છે કે

શીતળ સુગંધીમય, તેથી માણસો ઘણું સુખ પામે છે. પછી તે છાવણીથી ડાબે હાથે મોટું એક નકી તળાવ છે. તે નકી તળાવ ઉપર શીરોહી દરબારનો મોટો શોભીતો એક બંગલો છે. વળી પહાડ પર્વતો તથા ઝાડી જંગલથી ઘણું રમણીક શોભી રહ્યું છે. આગળ એટલે અસલવારે નવ ગામોના માણસ પાણી પીતા હતા તેથી તેનું નામ નકીતળાવ કહે છે. તે તળાવને કાંઠે મહાદેવ તથા માતાનાં દેરાં પણ છે. ત્યાં બાવા લોકો પણ રહે છે. ને છાવણીથી જમણા હાથને મારગે થઇ શ્રી દેલવાડાના દેરાસરોમાં જવાની મોટી સારી એક સડક છે તે દેલવાડા સુધી ગાડાં પણ જાય છે. તે સડકે જતાં વચગાળે સામુ ડાબે હાથે મોટા પહાડોમાં અધરદેવી માતાજીનું દહેરું દેખાય છે. તે દેરા પાછળ પાપકુંડ મહાદેવજી છે. વળી રસકુંપા વાવ પણ છે. ત્યાં વાઘ, રીંછ, વગેરે જાનવરોની બીક ઘણી લાગે છે તેવું જંગલ છે. વાંદરાઓ હુકાહુક કરી રહે છે. ત્યાંથી નજીક શ્રી દેલવાડાના દેરાસરો દેખાયા છે તે દેરાં ઘણાજ સુંદર ને સારાં રમણીક છે ને તે દેરાસરોમાં કોરણી તો એવી કરી છે કે જોતાં જોતાં થાક લાગે, પણ એ કોરણીનો પાર આવે નહીં. ત્યાં ઉતરવાની ધર્મશાળાઓ તથા વાસણ ગોદડાં અને સીધુસામાન સર્વે મળે છે, તે તીરથ ઉપર જાત્રાળુ લોકો એક દીવસ રહે અથવા પાંચ સાત દિવસ રહે તોપણ રાતે ચોકીના જણ એકે આનો ૦ા લેઇને પહોંચ આપે છે. એ દહેરા પાછળ એક હનુમાન તથા રશીઆવાલેમ અથા કુંવારીકન્યાનું દહેરું છે. એ કન્યાના માબાપે એવું પણ લીધું હતું જે આ આ-

બુરાજની એક રાતમાં બાર પાજો બાંધે ... કન્યા પરણે એવું સાંભળીને રસીઓવાલેમ જાતનો ક્ષત્રી તે દેવી સાધનાવાળો હતો તેને એ વાત કબુલ કરીને દેવીની સાજથી મારગ બાંધવા માંડયો. પછી કન્યાની માને એ વ્યસની હતો માટે એ કન્યા ન પરણાવવાના ભાવથી પહોર રાત્રી રહી તે વખતે કુકડાનું સ્વરૂપ ધરીને બોલ્યો. પછી બારમી પાજ બાંધતાં અધુરી રહી તેથી એ કન્યા તેને પરણાવી નહીં ને તે મરણ પામી. તેથી કુંવારી કન્યા એવું લોક ભાષાથી નામ ચાલે છે.

શ્રી મુળનાયકજી મહારાજાનું દહેરૂં શેઠ વિમળશાનું કરાવેલું છે. તેમાં શ્રી પાર્શ્વનાથજીની અધિષ્ઠાયક દેવીનું એક દહેરૂં છે. એ શ્રી મુળનાયકજી મહારાજના દહેરાનો ખરચ અઢાર કરોડ ત્રેપન લાખ રૂપીયાનો થયો છે, ને તેમની પ્રતિષ્ટા સંવત ૧૦૮૮ ની સાલમાં થઈ છે ને પંદરસેં કારીગરો મળીને ત્રણ વરસમાં એ પ્રાસાદ તૈયાર કરાવેલોછે. મજુરની ગણત્રી મુકી નથી. એનું દ્રષ્ટાંત એમ બતાવ્યું છે જે આરસના પથ્થર બાર ગાઉથી મંગાવતા હતા; હાથો હાથ લીંબુ ચાલ્યું આવતું એટલા મજુર રહેતા હતા એવું કહે છે ને એ દહેરામાં મુળનાયક શ્રી ઋષભદેવજી મહારાજનું બીંબ સર્વ ધાતુનું ઉંચાણમાં એકાવન આંગળને પ્રમાણે બીરાજમાન કરેલા, તે જયારે અલાઉદીન ખુની બાદશાહ સર્વેના ધર્મને તથા દેવને ખંડન કરતો કરતો એ પહાડ ઉપર આવેલો તે વખતે એ પ્રતિમાજી લેઇ ગયો, ને તમામ કોરણીનું ખંડન કર્યું. તે પછી કેટલાક દિવસ

સુધી દહેરૂં ખાલી પડયું હતું તેમાં ભીલ લોકો રહેતા. તે પછી હાલમાં જે મહારાજ બીરાજમાન કર્યા છે તે છે. શ્રી નેમિસરજી મહારાજનું મોટું દહેરૂં વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું છે. તેમાં કોરણીનું કામ વધારે છે ને તેનું ખરચ પણ ઓછું થયું છે. એટલે બાર કરોડ ત્રેપન લાખ રૂપીયા થયું છે તેનું કારણ એમ સંભવે છે. જે પ્રથમ જે વખતમાં શેઠ વિમળશા ફોજ લેઈ શ્રી આબુ ગીરીરાજ ઉપર આવેલા તે વખતે બ્રાહ્મણ લોકો ઘણા રહેતા ને મહાદેવજીનાં દહેરાં પણ સાતસેં હતાં એમ કહેવાય છે તે વખતે પરમારનું રાજ હતું માટે શેઠને દહેરૂં બાંધવાની હરકત કરી, ને બ્રાહ્મણ લોકો રાજા પાસે ફરીયાદ ગયા. તે સાંભળીને શેઠ પણ નજરાણું લેઈને રાજા પાસે આવીને ભેટ મુકી બેઠા. રાજાએ આદર સનમાન કરી આસન આપ્યું, ને પુછયું જે આ વીષમ પહાડ ઉપર આપનું આવવું શા કારણે થયું છે? ત્યારે શેઠે કહ્યું જે આ અસલ અમારૂં તીરથ હતું તે વિછેદ પડી ગયો છે તેનો ઉદ્ધાર કરાવવાની ઉમેદવારી છે. તેમાં આ બ્રાહ્મણ લોકો ઘણી હરકત કરી બેઠા છે, ત્યારે એકદમ બ્રાહ્મણ બોલ્યા જે એ તીરથ અમારૂં છે, ત્યારે રાજાએ કહ્યું જે એ વાતનો મોટો વાંધો છે માટે કાલે આવજો વિચાર કરીને કહીશું. તે પછી સૌ સૌને ઠેકાણે ગયાં. શેઠ પોતાને મુકામે આવી શોકાતુર થઈ અઠમનો તપ કર્યો. તેજ રાત્રે શ્રી પાર્શ્વનાથજીની અધિષ્ઠાયક શ્રી અંબાજીદેવીએ સ્વપ્નું દીધું ને પ્રત્યક્ષ થઈ કહ્યું જે તું કહી શું કરવા ડરે છે તારી ફતેહ થશે,

ને એ બ્રાહ્મણો સાથે બંદોબસ્ત કરી રાજાને શાક્ષી રાખી લેખ કરાવી લેજે, કે એક બ્રાહ્મણની કુંવારી કન્યાને નવરાવી હાથમાં ફુલનો દડો આપી એ પહાડ ઉપર ફેરવવી જે જગાએ ફુલનો દડો હેઠો પડે તે જગાએ ખોદાવી જો જો કે જેનું તિરથ હશે તેના દેવ નીકળશે એવું કહી દેવી અદ્રશ્ય થઇ ગયાં. પછી શેઠે રાજા પાસે જઇ તેવીજ રીતે બંદોબસ્ત કરી સરવે કામ દેવીએ કહ્યા પ્રમાણે કર્યું. તે ફુલનો દડો તે દહેરા આગળ પડયો ત્યાંથી ખોદયું, તેમાંથી મોટી સ્યામ પ્રતિમાજી નિકળ્યાં તે હાલમાં એ દહેરાની ડાબી બાજુ ખુણામાં અંબાજીની દેરી પાસે ઓરડામાં બીરાજમાન કર્યાં છે. તે પછી બ્રાહ્મણ લોકો હારીને લાચાર થઈ શેઠની આગળ ઘણી રીતે પ્રાર્થના કરવા માંડી. જે સાહેબજી હવે તીરથ તમારૂં થયું તેથી અમારૂં માન દિન દિન ઉતરતું જશે ને છોકરાં છૈયાંઓ ભુખે મરશે એ વીગેરે ઘણી રીતે કરગરવા લાગ્યાં. તે સાંભળીને શેઠને કરૂણા આવી કે બ્રાહ્મણોના આત્માને દુઃખ દેઇ આપણે કામ કરવું તે આપણો વહેવાર નહીં માટે બ્રાહ્મણોને કહ્યું જે અમને એક દહેરૂં બાંધવા જેટલી જમીન વેચાતી આપો. તે પછી તે જમીન સપાટ કરાવી ચોખંડા રૂપીયા પાથરીને એ જમીન વેચાતી લીધી. તે દ્રવ્ય લઈ ઘણાક દીવસ પછી સરવે બ્રાહ્મણો નીચા ઉતરી જતાં જતાં નદીનો કાંઠો જોઈ સિદ્ધપુર એવું ગામ વસાવી રૂદ્રમાળા બાંધી એક મોટું મહાદેવજીનું દહેરૂં બાંધી તીરથ કર્યું. ને ત્યાંજ રહ્યા તેવું સાંભળ્યું છે. શેઠને જમીનનો ખરચ લા-

ગયો, વળી કારીગરો ઘેર જવા માંડયા તેથી તેને ન જવા દેવાને માટે પોતાના કુટુંબ સહિત વધારે પગાર આપી રાખ્યા તેનું પણ વધારે ખરચ લાગ્યું. ત્યાં એક ગુણકાની દેરી છે તે નકશામાં નથી કારણ કે પહાડની પાછળ અચળગઢથી ઉતરતા છે માટે. વળી ગાડા વાટ બાંધી ગાડાં ચલાવ્યાં, વળી કારીગરો શીખેલાં ને કામ જોઇને કરવું તેથી વિમળશાને વધારે ખરચ લાગ્યું એમ સંભવે છે વળી દેરાણી જેઠાણીના એ બે ગોખલા શ્રી નેમિસરજી મહારાજના દહેરામાં મંડપ ઉપરના બારસાખની બે બાજુએ કરાવ્યા છે તેમાં કહે છે જે અઢાર લાખનો ખરચ થયો છે તે સંભવતુ નથી કારણ કે મારવાડમાં બાપનું નામ પહેલું ને દિકરાનું નામ પછી તેમ જોતાં તો એક લાખને અઢારનો ખરચ થયો હશે એમ સંભવે છે. શ્રી રૂષભદેવજીનું દહેરૂં ભેંસાસા શેઠનું બંધાવેલું તે અધુરૂં રહ્યું છે એમ કહે છે. ને શ્રી ચોમુખજીનું દહેરૂં તો કારીગરોએ પથ્થર વધેલા ઘણા પડયા દેખી પોતાનું નામ કરવા સારૂ બાંધ્યું, તેથી એમ કહે છે જે કારીગરનું બાંધેલું છે. શેઠ વિમળશાએ દેરાસર તૈયાર કર્યા પછી ૧૦૮૮ ની સાલમાં પ્રતિષ્ઠા કરાવી પાછા વળ્યા પછી અંબાદેવીએ સ્વપ્નું દીધું કે હવે તારે બીજું શું કામ છે હું તુષ્ટમાન છું. ત્યારે શેઠે કહ્યું કે મારે વંશ જોઇએ નહીં એવી રીતે નખોદ માગ્યું તેથી દેવીએ કહ્યું કે આ શું માગે છે શેઠે કહ્યું કે મારે પાછળ વંશ જોઇએ નહીં તેવું વચન આપી દેવી અદ્રશ્ય થઇ ગયાં. પછી શેઠ નીચાં ચંદ્રવતીનગરીમાં ગયા ને તે

નગરીનો સંઘ ભેગો કરીને એ દહેરા સુંપરત કરી તે નગરીના લોકોએ સરવે સંઘમાંથી ૩૬૦ લખપતી ભેગા થઇ ઓછવના વારા બાંધ્યા તે જેને ઘેર વારો આવે તે દીવસે એ ઘણી પુજા પરભાવના તથા સ્વામી ભક્તિ કરી સરવેને જમાડે. એવી રીતે એ તીરથની પુજા થઇને બારે મહીને એક દીવસ ચુલો સળગાવવો પડે એવી રીતે એ તીરથની ભગતી તથા સ્વામી ભાઇઓની ભગતી થઇ છે. એ દેલવાડાના તીરથના દરવાજા બહાર શેઠ હઠીભાઇની ધર્મશાળા પાછળ એક મોટું દીગંબરીનું દહેરું છે તેની પાછલી સડક પર થઇ ડાબે હાથે શ્રી અવચળગઢ જવાય છે. ત્યાંથી અવચળગઢ બે ગાઉ છે તે મારગે જતાં વચ્ચે એક ચોકી આવે છે ને ગાઉ એક ગયા એટલે એક ગામ ઓરીઆ કરીને આવે છે તે ગામમાં એક શ્રી મહાવીર સ્વામીજી મહારાજનું દહેરૂ છે તે ગામને પાછળ એક મોટો પહાડ છે તે પહાડને ગુરૂ શીખર કહે છે કારણ કે એ પહાડના શીખર ઉપર ગુરૂ દતાત્રીનાં પગલાં છે. વળી એવું કહે છે કે એ પહાડ ઉપર સાડીત્રણ કરોડ મુની સીદ્ધીપદ વર્યા એટલે મોક્ષ ગયા છે ને તે એમ સંભવે છે કે શ્રી દેલવાડાના દેરાસરો તથા અવચળગઢના દેરાસરો જે વખત નોહતાં ને શ્રી આબુજીનું તીરથ મોટી પંચતીર્થી ગણાય છે માટે એ મુનીઓ સીદ્ધીપદ વર્યા ને તીર્થંકરની ફરસના થઇ તેથી મુનીની વાત ખરી એમ સંભવે છે. એ ગુરૂશીખરના પહાડનો દેખાવ શ્રી આબુજીના નકશામાં શ્રી દેલવાડાના દહેરાઓ તથા અવચળગઢની વચ્ચે છપાવ્યો

છે. તે પહાડની ફરશના કરવા જોગ છે પણ મારગ ઘણો કઠણ છે માટે ઝાઝુ કોઇ જાત્રાએ જતું નથી. તેનો મારગ ગામ ઓરીએથી જાય છે. એ ઓરીઆ ગામની સામુ જમણા હાથ ગમી પહાડ ઉપર ચડી જુવે તો શ્રી અવચળગઢનું દહેરૂ શ્રી મુળનાયકજી મહારાજનું દેખાય છે. જ્યાંથી તીરથનાં દેરાસરનું શીખર નજરે પડે તે વખતે ત્રણ ખમાસણા દેઇ વંદના કરવી જોઇએ છીએ. વળી એ ગામ ઓરીએથી અવચળગઢ જતાં પગ રસ્તે છે તે ગામ ઓરીઆના ખેતરો મુકયા ગછી પહેલું અચલેશ્વર મહાદેવનું દહેરૂ આવે છે. તે દહેરૂ ૮૧૩ નીસાલમાં બંધાવ્યું છે. તે દેરામાં મહાદેવજીનો અંગુઠા પુજાય છે. તેનું કારણ એમ સાંભળવામાં આવ્યું છે જે એ દહેરા આગળ એક ઉંમ ખાડ હતી. તેના કીનારા ઉપર એક રૂષી તપસ્યા કરતો હતો. તે રૂષી પાસે એક કામધેનું ગાય પોતાને દુધ પીવા સારૂ રેહેતી હતી તે કોઇ સમાજોગ ચરતા ચરતા પગ ખશી જવાથી તે ઉંમખાડમાં પડી તેજ વખતે તેના આંચળમાંથી દુધની ધારાઓ છુટી તેથી તે ઉંમખાડ દુધે ભરાઇ ગઈ, તે ગાય તરીને પોતાના રૂષી પાસે આવીને મસ્તક નમાવી પગે લાગીને તેજ વખતે મરણ પામી. તે પછી તે રૂષીએ વીચાર કર્યો જે મારી ગાયતો તરીને ઉપર આવી પણ બીજાં જાનવરો તથા ગાયો પડીને મરણ પામશે તો મને ગોહત્યા લાગશે માટે આ ઉંમખાડ પુરાવી જોઇએ છે તેવો વીચાર કરીને પોતાના તપના બળે કરીને આકાશ મારગે ઉડીને વીંધાચળ પરવત પાસે ગયા. ત્યાં જઇને તેના

મંત્રનું ધ્યાન ધર્યું તેજ વખતે વીંધાચળ પરવત બ્રાહ્મ-
ણનું રૂપ કરી રૂષી પાસે આવ્યો ને રૂષીને કહ્યું જે મને
શું કરવા બોલાવ્યો છે. તે રૂષીએ કહ્યું કે મારૂં આશ્રમ
અર્બુદાગીરી પરવત ઉપર છે તે આશ્રમ આગળ એક
મોટો બ્રમખાડ છે તે ખાડમાં મારી ગાય પડીને મરણ
પામી છે માટે તે ખાડો પુરવા સારૂ તમારૂ સમરણ કર્યું
છે. ત્યારે તે વીંધાચળ પરવતે કહ્યું કે મારો પુત્ર એક અચ
ળવામા છે તેને મોકલી ખાડો પુરાવીશ, તેવું કહી તેજ વખતે
પોતાના પુત્રને બોલાવીને હુકમ કરયો કે જા તું અર-
બદ ગીરીમાં એક બ્રંમખાડ છે તે જઇને પુર. તે પોતાના
પીતાનો હુકમ સાંભળી તેજ વખતે આકાશ મારગે થઇ
આવીને તે ખાડામાં સમાયો તે વખતે તે રૂષીને કહ્યું કે
આ જગાએ કાંઇક મારૂં નામ થવું જોઇએ છે ત્યારે તે રૂષીએ
કહ્યું જે તારા નામથી એક મોટું મહાદેવનું દહેરૂ બંધાવીશ.
તે પછી કેટલાક દીવસે વીચાર કરીને વીચાર્યું જે સરવે
પૃથ્વી ઉપર તો માહદેવનું લીંગ પુજાય છે તો તે અપવા-
દાને અસુધ ભાસ છે તો આપને તો શ્રી માહાદેવજીના
ચરણ પુજાવા તેજ સારૂં છે તેવો વીચાર કરી જમણા પ-
ગના અંગુઠાવું સ્થાપણ કરી અચળેશ્વર મહાદેવ એવું
નામ દીધું તેવી વાત સાંભળવામાં આવે છે. તે દહેરા
પાસે તળાવ છે. તે તળાવના કીનારા ઉપર ભેંસાસુર
દઇતના ત્રણ પાડા છે તે એવું સાભળ્યું છે જે પાંડવો જયારે
ઉપર આવી જગન્ય કરતા હતા તે પછી અરજુનનાં જો-
વામાં આવ્યું તેજ વખતે બાણ મારી પરાજય કીધો તેમાં

એમાંને એક પાડો તે બાણના જોરથી ઉડીને ગંગા નદીના કાંઠા ઉપર જઈ પડયો છે તે લોકીક વાત સંભળાય છે. ગઢનું નામ પણ મહાદેવજી ઉપરથી અવચળગઢ પાડયું છે. વળી પારવતીજીનું ત્રીશુળ ઘડાવતાં એક લોઢાનો કકડો પડયો છે તેને હાલમાં વેરનવ લોક ભીમની મોઈ કહે છે. તે ત્રીશુળ મહાદેવના દહેરામાં છે. વળી એ મહાદેવજીના દહેરામાં એક સરવ ધાતુનો પોઠીઓ છે. વળી એ દહેરામાં મહાદેવજીનો અંગુઠો પુજાય છે વળી તે મહાદેવજીના દેરા સામે ઉંચાણમાં ઝાડીમાં એક શ્રી શાંતીનાથજી મહારાજનું મોટું દહેરૂં છે તે કુમાર પાળ રાજાનું બંધાવેલું છે એમ કહેવાય છે. ત્યાંથી મહાદેવજીના દેરા પાસેથી ચાલતાં એક મોટો દરવાજો આવે છે ત્યાં હનુમાનની ચોકી છે, ત્યાંથી ચાલતાં સામે એક મોટું તળાવ છે તેને કપુરસાગર કહે છે તેની પાસે એક વાવ છે તેની પાસે ઉંચા ચડયા એટલે અવચળગઢ ગામનો દરવાજો આવે છે. તે દરવાજામાં પેસતાં જમણે હાથે કારખાનું એટલે ભંડાર તથા ધરમશાળાઓ છે. એ ભંડાર તથા ધરમશાળાઓ પાસે એક શ્રી કુંથુંનાથજી મહારાજનું દહેરૂ છે. આ ગામમાં વાણીઆના ઘરબાર છે. ત્યાં સીધુ સામાન ગોદડાં વાસણ વીગેરે સર્વે મળે છે ત્યા શ્રી સંઘજાત્રીને રાત રહેવા વીશે કોઇ રીતે હરકત નથી ને ઘણું સુખ છે. ત્યાંથી ગામમાં થઇ ઉંચા ચડતાં એક મોટી નવી ધરમશાળા સંઘની મદદથી બંધાવેલી છે તેમાં થઇને દેરાસરમાં જવાય છે. તે મોટું દહેરૂં અતી ઉંચુ ને ઘણું રમણીક છે. તેમાં બે ચોમુખજી મહારાજ સર્વ ધાતુના ચૌદસે

ચુંમાળીશ મણનાં કહેવાય છે કારણ કે આબુગઢનો કિલ્લો ચીતોડ ગઢવાળો કુંભોરાણો તેને બાવન કિલ્લા જીતી છેવટે આબુનો કીલ્લો લીધો. તીહાં કેટલાક દીવસ રાજ કરી પોતે મરણ પામ્યો. તેને પુત્ર નહોતો તેથી તેની બે રાણીઓએ વીચાર્યું જે આપના વંશમાં કોઇ પિતરાઇઓ જાગશે તો તે આર્વા ભંડાર વિગેરે સરવે ખજાનો લુટી જશે તેવો વીચાર કરી પોતાના બે દીવાન શાંશા ને સુલતાનજી એવા નામે હતા તેને કહ્યું જે મારા ધણીનું અતરે નામ કરો ને કાંઇ તીરથ બાંધો. ત્યારે તે દીવાન મુળ જૈની હતા તેને વિચાર કર્યો જે જૈનીનું તિરથ ઘણા કાળ પુજાશે માટે જૈનનું તીરથ કરવું તે સારૂ છે પછી રાણીઓયે પણ કબુલ કર્યું ને એવું કહ્યુ જે ચીતોડગઢ મારે મેહેલ ઉપર બેઠે દરશન થાય તેવી ઊંચી જગ્યા જોઇને પાયો નાંખ્યો. તે પછી કોઈ રાજા આબુનુ રાજ લેવા સારૂ ફોજ લઇ આવે છે તેવી ખુમ સાંભળી તેથી એકદમ કારીગરો બોલાવીને ખજાનામાંથી મોહરો વિગેરે દ્રવ્ય કહાડી સર્વ ધાતુ મેળવી તેના બાર બીંબ કરાવ્યા તેનું વજન ચઉદસોને ચુંમાળીસ મણ થયું. તે પછી એ પ્રતિમાઓ ઘણા કાળે જુદી જુદી સાલમાં પ્રતિષ્ટા કરાવી પધરાવી. છેવટે શ્રી મુળનાયકજી મહારાજની પ્રતિષ્ટા ૧૫૬૬ ની સાલમાં થઇ છે, તે લેખ ઉપરથી એમજ જણાય છે. વળી આ દહેરામાં પેસતાં બે બાજુ બે દેરાસરો છે તેમા એક તો શ્રી નેમનાથ મહારાજ તથા બીજામાં શ્રી પાર્શ્વનાથજી મહારાજ બીરાજમાન થયેલા છે. વળી દહેરા બહાર નીકળી જમણા હાથપર ચોમુખજી જતાં રૂપવિજયજી મહારા-

જની છત્રી છે. ત્યાંથી નીચે ઉતરતાં જમણે હાથે એક નવું કરાવેલું નગારખાનું છે. વળી તેના પાસે શાંતીદાસ શેઠજીનું કરાવેલું શ્રી ઋસભનાથજી મહારાજનું એક દહેરૂ છે ત્યાંથી બહાર નિકળતાં બારણા પાસે હનુમાનજીની ચોકી છે. ત્યાંથી નવી ધર્મશાળાના દરવાજા બહાર નીકળ્યા પછી જમણા હાથે વાવ પાસે થઇ ઉંચા મારગે જાતા શ્રાવણ ભાદરવા નામનાં તળાવ છે ત્યાં જવાય છે ને તે તળાવ ભેગાં છે ને તળાવ આગળ આબુનો રાજા મરણ પામ્યો તેથી રાણીએ રૂદન કર્યું તેના આંસુઓથીભરાએલાં છે એમ કહેવાય છે. એ રાજાના મહેલનું જુનું ખંડેર પણ ત્યાંજ છે. વળી ત્યાં ગુફાઓ જણાય છે તે ગુફા જોવા લાયક છે.

હવે શ્રી અવચળગઢના તિર્થનું મુળનાયકજી માહારાજનું મોટું દહેરૂં સાસા ને સુલતાણ નામના બે દીવાન થઇ ગયા તે જૈનધર્મી હતા તેમને દહેરૂં બંધાવતાં કોઇ રાજાના ભયના કારણથી એકદમ સર્વ ધાતુના બીંબ ભરાવી પોતાને દેશ ચિતોડગઢ નાશી ગયા. તે પછી ઘણા દીવસને આંતરે સંવત ૧૫૬૬ ની સાલમાં શ્રી મુળનાયકજી મહારાજની પ્રતિષ્ટા કરી બીરાજમાન કર્યા. પછી આ દહેરાનું કામ શ્રી સંઘની મદદથી સંપુરણ થયું. તે પછી મોટો રંગમંડપ તથા બહારની છત્રી શ્રી રૂપવિજયજી મહારાજે કરાવી, આ દહેરૂ ઘણું અદભુત ને રમણીક ને ઉંચુ એવું શોભાયમાન છે કે જેમ આકાશમાંથી વેમાન ઉતર્યું ન હોય એમ શોભાયમાન થઇ રહ્યા છે. વળી ઘણી તરેહથી જંગલ ઝાડીથી એ પહાડ ઘણો શોભીતો રહ્યા છે. ઘણા જોગી લોકો

તથા તેના આસનો પણ તેમાં રહ્યાં છે વળી એ જંગલમાં વાઘ, રીંછ, વરૂ, સાબર, શીયાળ વીગેરે જાનવરો ઘણી તરેહનાં રહે છે. વનસ્પતીમાં ચંપા, આંબા આંબલી જાઈ, જુઈ, કેતકી, ગુલાબ, સેવંતરી વીગેરે ઘણી તરેહના પુષ્પથી છવાઇ રહયો છે. તે એમ માલમ પડે છે જે લીલાં આભરણ પહેરીને ફુલના હારોથી સુગંધમય થયો ન હોય તેમ શોભે છે. વળી પવન તો એવો ચાલે છે જે લીલા આભરણ તથા પુષ્પના હારો તાપથી કરમાઈ જવાની બીકથી એકદમ દશો દીશાથી વાદળીઓને દોડાવી લાવી તે પહાડ ઉપર એકદમ ઘટા કરે છે જેથી આખો દીવસ શીતળતા રહે છે. તે શીતળતાથી ઘણી સરદી ને ચોમાસામાં તો એ વાદળીઓના બીજા પરિવારના વિજોગથી તમામ વાદળાંનો પરિવાર ભેગો કરે છે તેથી ઘણું અંધાધુંત થઇ જાય છે તે પછી શિયાળામાં તો તાઢ, હેમ ને શરદી એવી પડે છે કે તળાવોના પાણી તે બરફ જેવાં બંધાઈ જાય છે ને તે ઉપર પંખી જાનવરો ચાલ્યાં જાય છે. વળી સવારમાં એ પહાડી લોકોના છોકરાઓ તે બંધાએલા પાણીના દેંપા ઉપાડી લાવે છે. તે દેંપા તડકો પડે એટલે પાણી થઇ ગળી જાય છે. એ શ્રી આબુગિરિરાજ એટલે શાસ્ત્રમાં અરબદગિરિ કહે છે. એ તીર્થની શોભા તથા મહિમા ને જેની રમણીક જગ્યાઓ તથા હવા એવી છે કે તે તીર્થના દરસન કરવા સારૂ સૂર્યનારાયણ એકદમ ઘણીજ ઉતાવળ કરીને પૃથ્વીમાંથી કીરણ કહાડી એ ગિરિરાજ ઉપર ઘણોજ વહેલો ઉદ્યોત આપે છે તેમ જણાય છે. આગળ

વળી તો એ પહાડ ઉપર બારગામ ચાવા ને બારગામ છાનાં એટલે ગુપ્ત એવું લોક કહે છે. પણ તે વાત જુઠી છે, કારણકે ચોમાસાના દિવસમાં બાર ગામવાળા પોતપોતાના ઢોરને લઇને વગડામાં ઝુંપડાં બાંધી ઢોર ચરાવા રહે છે તે પાછા કારતક મહીને ઢોર લઇને છાપરાં પાડી નાંખી ને પોતપોતાને ઘેર આવે છે તે ઉપરથી બાવા લોકે એવી ગપ ચલાવી છે. વળી એ બાર ગામ વસ્યા ને તેની વસ્તી ઘણા કાળની હોય એમ જણાય છે કારણકે એ લોકોના ભાટના કહેવામાં જે જે દીવસે પરમારનુ રાજ હતું તે દીવસથી પરમારના વંશના લોકો આવીને વસેલા છે. તે કુંકણગઢના ઉપડા આબુજી ઉપર આવી રહ્યા તેનો વંશ હજી સુધી ચાલ્યો આવે છે. તે પછી રાજા પણ સોલંકી જાત વિગેરે આવી રહ્યા છે. તે લોકો ખેતીના કામ કરે છે માટે ખેડુત લોક કહેવાય છે. એ લોકોના ભાટ આબુ ઉપર આવેલા તેમને પ્રથમની વાત કહડાવી નાંખીને આ વાત વહવંચા હેમાજી લાલાજીએ નંખાવી છે તે પોતાના ચોપડા પ્રમાણે નંખાવી છે. વળી વૈશ્નવનું એક મોટું તીર્થ છે તેમાં ઈગ્રેજી છાવણીથી જમણા હાથે થઇ જવાય છે તેને વશીષ્ટમુનિ કહે છે. ત્યાં જતાં પહાડ ઉતરતાં સાતસો પગથીયાં ઉતરવું પડે છે તથા ઘણું મોટું એક જંગલ છે તેમાં કેળોનાં ઝાડ ઘણાં છે. તેને પાંડવવન કહે છે. તેમાં ગૌતમરૂષીનું એક દહેરૂં પણ છે. ત્યાં બાવા લોકો રહે છે. તે વન તો એવું છે કે જેમાં વાઘ રીંછ તો પડ્યાજ રહે છે. વળી સુરજનો તડકો ઘણો ઝાંખો પડે છે. તે જાણે વન

રૂપતીએ પોતાના છોકરાંઓને તથા જાનવરોને તાપ લાગ-વાના કારણથી છાયાજ કરી ન હોય તેમ માલમ પડે છે એટલે ઘણું ઝાડું અને કંથેર કાંટાથી વીંટાએલું જંગલ છે એ પહાડને. તથા જંગલનો તુચ્છ બુદ્ધિથી વિશેષ વાત લખી શકાય તેમ નથી.

શ્રી આબુજીની જાત્રા ઘણી કઠણ હતી તે હવે રેલ ગાડી થવાથી ઘણી સુલભ ને થોડા ખરચથી થાય છે. વળી શીરોહીના રાજાસાહેબનો બંદોબસ્ત ઘણો સારો છે. ને ચોકી વળાવાથી ઘણો જાપતો રાખે છે. આબુરોડ ખ-રેડીથી બીજી એક નવી સડક કહાડી છે તે ઘણી સારી છે. તે છેવટે જતાં ગામ આરણા પાસે તલાટીની ધરમશાળા મુકી આગળ જતાં બે સડકો ભેળી થાય છે એ ધરમશા-ળા હેઠળ થોડે છેટે જો જુની સડકે તલાટીની જુની ધરમ શાળાથી થોડે દુર માર્ગે વચ્ચે એક ગધાવેડો તથા સાહે-બનો બંગલો આવે છે તે વેડામાં આગળ ગધેડું પડીને મરણ પામ્યું તેથી તેનું નામ ગધાવેડો પડયું છે, પણ તેનું પાણી ઘણું સારૂં છે. તે માર્ગે હાલમાં હવે જાત્રાળુ લોકો જતા નથી. ચોકી પહેરો નથી એ વિગેરે એ પહાડનો વિ-સ્તાર ઘણો છે પણ આ તીર્થનો નકશો છપાવેલો છે તેમાં મુખ્ય એટલે મોટી મોટી વસ્તુઓ જોવાની ઉપકાર તથા દરશન કરવાના કારણો પ્રસિદ્ધ કર્યાં છે. તે આ ચોપડી સાથે નકશો રોકડી કીંમતે ૦—૨—૦ માં મળશે. ઘણો સા-રો ને અદ્ભુત રચનાથી દરશન કરવા લાયક છે. આ મા-રી તુચ્છ બુદ્ધિથી ચોપડી તથા નકશો છપાવ્યો છે. તેમાં

કાંઈ ન્યુનાધિક થઇ હોય અથવા રહી ગઇ હોય તેમાટે હું નમ્રતાપુર્વેક મિચ્છામિ દુક્કડં દઉં છું. કારણ કે સંપુર્ણ પછાડ કોઈ રીતે જોવામાં આવે નહિ માટે બહાજપણે માલમ પડે તેજ નકશામાં સર્વે છપાવી પ્રસિદ્ધ કર્યું છે, વળી શ્રી આબુજીના દહેરાસરના જીનબીંબના વિસ્તારની સર્વે સંખ્યા આ સાથેના સ્તવનમાં સર્વે અધિકાર છે. તે વિનંતીમાં લીધો નથી.

જાહેર ખબર.

આ નીચે સહી કરનાર શા. ચુનીલાલ ઝવેરચંદ ગામ વાડાસુંદરવાળા હું પોતે મારા ગુણુ સ્નેહી મારા સામીભાઇઓને ખબર આપું છું જે દેવ દ્રવ્યના બચાવ કરવાની ખપ રાખો તો ઘણો પઇસો તો કારીગર લોકોમાં અન્યાયથી બીગાડ થાય છે. તેમાં પ્રથમ તો સંવત ૧૯૫૭ ની સાલમાં રસનીઆની ચોરી મેં પંડે પકડી તેથી મને ઘણો પસ્તાવો થયો જે આગળ મેં ઘણા કામ કારીગરો તથા ગુમાસ્તાના ભરૂંસે કરાવ્યાં તેમાં કેટલો બગાડ થયો હશે તે હું કાંઇ કહી શકતો નથી. ને થોડા કામ સારૂ અમદાવાદથી રોજ રૂ ૧) કરી રસણીઆ બે બોલાવ્યા ને મેં પુછયું જે આ કામમાં ત્રણ તાપ દેવામાં કેટલા વરખ જોઇશે. ત્યારે મને કહ્યું જે સારૂ કામ કરાવશો તો પ તોલા વરખ જોઇશે. કારીગરના કહેવાથી તેજ પ્રમાણે વરખ લીધા ને ઘરેણાં રસાવવાને હું પંડે બેઠા તે છતાં કારીગર લોકો એ વરખની ગોળી કરી મોંમાં રાખી દીધી તેવો મને વ-

હેમ પડવાથી તેજ વખતે મેં જોરથી તમાચો માર્યો તેથી ગોળી બહાર નીકળી પડી, તે ગોળી મેં પડી લીધી. તે પછી તોફાન ઘણું થયું, માર પણ ઘણો પડયો તે વખતે પોલીસને સ્વાધીન કરવા માંડયા તે વખતે ઘણા માણસો એ ભેગા થઈ છોડાવી દીધા. એ ચોરી પકડયા પછી રસવાનું કામ ઘણી ચોકસીથી કરાવી લીધું તો એજ કામમાં ત્રણ તાપે કર્યું તો તેમાં વરખ તોલા સવા.એમાં પહેલા નંબરનું કામ થયું માટે વધારે વરખ મંગાવ્યા તે નકી ચોરી લેવાનું કારણ માલમ પડયું. તે કારીગરોને વિદાય કર્યા પછી એ બાબતોનો કાગળ ૨ અમદાવાદમાં શા. નગીનદાસ જીવણદાસ ઉપર લખેલો છે, મારા મનથી મેં વિચાર કર્યો કે આ પ્રમાણે અમદાવાદમાં કેટલો માલ ખાઈ જતા હશે તે પછી હું ઘરના કામ સારૂ અમદાવાદ આવેલો ને એવી વાત સાંભળી જે અમદાવાદમાં પણ ચાર પાંચ જગ્યાએ ચોરી કરીને પકડાયા ને માર પણ ખાધો તેના નામ વિનતીપત્રમાં છપાવી જણાવીશું. એ રસનાર કારીગર પાસે એવી તો હસ્તક્રિયા છે કે જેમ વાદીગર લોકો લુગડામાં હાથ રાખી ઠીકરાનો રૂપીઓ બનાવે છે તેમ એ લોકો પાસે પણ હસ્તક્રિયાથી નજર ચુકાવી પારામાં વરખની ગોળી બાંધી ઉડાવી જાય છે માટે નીચે લખ્યા પ્રમાણે ચોકસી રાખી નજર ચુકવી નહીં આટલા થોડા કામમાં ચોરી કરી તેનો ઘણો વિચાર કરવા લાગ્યો કે મારી ઉમ્મરમાં મારે હાથે ગુમાસ્તા તથા કારીગરોને વિશ્વાસે હજારો રૂપીઆનું કામ કરાવ્યું તેમાં આ પ્રમાણે કેટલાક પૈસાનો

હેવકો બીગાડ થયો હશે એ મારા પ્રમાદમાં મને દેવકો દોષ લાગ્યો તે હું ક્યાં છુટીશ! ધિક્કાર છે મારી બુદ્ધિને! ધિક્કાર છે મારી કાયાને કે મેં ઘરના કામમાં આળસ કે પ્રમાદ રાખ્યો નહીં. માટે શ્રી દેરકા કામે પ્રમાદરહિત ઘણી હોશીઆરીથીજ કામ કરાવવું. અમદાવાદમાં શ્રીજીન પ્રતીમાના આંગી વીગેરે લાખો રૂપીઆના કામ થાય છે. ને તે દાગીના સોનાના વરખથી રસાવે છે તેનાં રસાનાર કારીગર લોકો હજારો રૂપીઆનું સોનું મારી જાય છે. તેમાં ચોરી કરવાના ઘણા રસ્તા છે. જેમ ઇંદ્રજાળીઓ લુગડામાં હાથ રાખી મોડેથી વાતો કરી નજર ચુકાવે છે તેવીજ રીતે રસનાર કારીગરો પણ લુગડુ પાથરી ખેવડમાં વરખ રાખી રસાવનાર માણસોની વાતોથી નજર ચુકાવી લુગડામાં લોચો વાળી રાખે પછી નજર ચુક થાય એટલે લાગ જોઇને ફાવે તેમ સંતાડી દે છે માટે પ્રથમ તો લુગડામાં ઢાંકવા દેવાજ નહી. રસાવનાર માણસોએ પેહેલા વરખ છપાવી પોતાની પાસે રાખવા. થળીમાં અથવા પેટીમાં અગર પત્રામાં જે વખતે રસવા માગે તે વખતે એક એક વરખ આપવો. તે વરખ દાગીના ઉપર ચડવો રહે પછી બીજો વરખ આપવો. તે ચડાવે ત્યાં સુધી નજર ચુકવી નહી એ કારીગર લોકો ગમે તેવી વાતો કરે પણ નજર ચુકવી નહી. તેવી રીતે કરવાથી કાંઇક બચાવ થશે. એ લોકો એવી રીતે સંતાડે છે કે લાગ આવે તો પગ નીચે દબાવી રાખે, લાગ આવે તો પારામાં ગોળી કરી ઝાડે જવાના દ્વારમાં સંતાડે લાગ આવે તો મોંમાં ઘાલે, વળી ગળી જાય તે ઝાડે બેસ

ત્યાં કાઢી લે, લાગ આવે તમાકુની ચલમ ભરવા આપે તે તમાકુમાં ગોળી ઘાલી દે, ને લાગ આવે ત્યારે ખાલી કરી ત્યાથી ઉઠાવી લે. વખતે પેસાબ કરવાનું બાનું કરી સંતાડી આવે, વખતે ઝાડે જવાનું બાનું કરી સંતાડી આવે છે. વળી ઓપવાની ઓપણીઓના હાથા પહોળા રાખી લાગ આવે તો તેમાં ઘાલી લેઈ જાય છે માટે દેવકા કામ પોતાની જાતે પાસે બેશી કરાવવું, ગુમાસ્તા વિગેરે કારીગરોને વિશ્વાસે અથવા ભરૂસે ભુલેચુકે કરાવવું નહીં ને ગુમાસ્તા વિગેરેના ભરૂસે કામ કરાવશો તો અવસ્ય ચોરી કરશે માટે પોતાની જાતે ખુલા વરખથીજ કરાવવું એજ મારી વિનંતી છે.

હવે જે દાગીનો તોલ કરી રસાવવો હોય તેની સમજ.

જે દાગીનો તોલ કરી રસવો હોય તો પહેલાથી પારામાં સોનાના વરખથી મસળીને ગોળી કરે તેનું નામ પીઠી કહે છે. તે પીઠી પાસે બેસી બરોબર નજર આગળ કરાવી પોતાની પાસે રાખવી. પછી કારીગર માગે ત્યારે થોડી થોડી આપવી. તે ચડાવતી વખતે પાકી નજર રાખવી એમ કરતાં કારીગર રીસે બળતા ભોંય ઉપર ઢોળી નાંખે તો કારીગરને ઠપકો દઇને ભોંય ઉપરથી વાળી લેવી પછી એ પીઠી ચડાવી રહ્યા પછી તે દાગીનો દેવતાપર તપાવી પારો ઉઠાવી દીધા પછી તોલ કરી આપવો. તે પછી વરખ ચડાવે તો ઉપરની રીત પ્રમાણે વરખ પાસે

રાખી એકેક વરખ આપી નજર રાખી કરાવવું. એમને એ મ દાગીનો તોલ કરાવશો નો કારીગર જેટલું સોનું લેવું ધારે તેટલું પોતાના ઘેરથી તેટલા રૂપાના વરખને પણ પા રામાં મેળવી પીઠી કરી લાવે તે નજર ચુકવાથી અથવા નજર ચુકાવી રૂપાની પીઠી ચડાવી દેછે. પછી તે પ્રમાણે સોનું ઉઠાવી જાય છે. માટે પીઠી ચડાવી દેવતા ઉપર પારો ચઢાવી દીધા પછી તોલ કરવું.

શ્રી શેઠ હેમાભાઈના વખતમાં દસનારા કારીગરો સાંજ સુધી કામ કરી દીવા થાય એટલે ઘેર જતા હતા ને રાત્રિભોજન કરતા તેથી શેઠજી સાહેબે રાત્રે ખાવાનું બંધ કરાવી દિવસના પા વાગે એટલે રજા આપતા ને દિવસે ખાવું એવો તે કારીગરોના પંચો સાથે બંદોબસ્ત કરાવી લીધો. તે બંદોબસ્ત ઓળંગીને ૫ વાગે ઉઠી જાય છે ને ઘેર પાછું કામ કરી રાતના દસ દસ વાગે ખાય છે. વળી દારૂ સુદ્ધાં પીએ છે પણ કોઈ પુછતું નથી કે તમે રાત્રે ખાઓ છો ને વહેલા કેમ ઉઠો છો માટે કાંઇક તો રાત્રે ખાવું બંધ થવું જોઇએ નહીં તો સાંજ સુધી કામ કરવું જોઇએ.

વળી દેવદ્રવ્ય બચાવ કરવાનું બીજું કારણ.

જુઓ કે શ્રી જીન પ્રતિમાજી મહારાજની સેવામાં ભક્તી કરીને ઇંદ્રાદિક દેવોએ કરી છે તો એવા જે દેવાધી દેવ તેવા જે દેવની સેવા તથા ચાકરી તથા ચીઠી વિગેરે લેપ કરવાના કામ ચાકર નોકરો તથા કડીઆ વિગેરે લોકો

કરે છે અને તેમાં હજારો રૂપીઆ અન્યાયથી ખાઇ જાય છે. વળી આશાતના પણ ઘણી કરે છે તેનો ઉંડા ઉતરી તપાસ કરવો જોઇએ છે.

જુઓ કે શ્રી જીન પ્રતિમાજી મહારાજને કોઇ કોઇ જગાએથી કેશર અત્તરના ચડાવાથી ખાડા પડયા હોય અથવા ખવાઇ જવાના કારણથી લેપ કરવા સારૂ શ્રાવકોછતાં પણ કહીઆ છોવારા ગાંજાના, તમાકુના પીવાવાળા જેના મુખમાંથી દુર્ગંધ ઉડે તેવા કારીગરો પાસે શ્રી ઉત્તમ દેવને લેપ કરાવે છે ને તે લોકો કેવી રીતે પૈસા ખાઇ જાય છે ને કેવી આશાતના કરે છે તે જોવામાં આવે તો ઘણોજ અનર્થ ઉત્પન્ન થાય. પછી લેપ કરનાર માણસો પહેલાથી મીઠું મીઠું બોલીને પહેલવહેલું સારૂં કામ દેખડાવે ને સારી ઉત્તમ જણસો બહુ મુલી મંગાવે. વળી લેપ કરાવનાર માણસો પહેલા તો બે ચાર દિવસ ખબર રાખશે, તેમ લેપ કરનાર માણસ પણ પહેલા પોતાની શાહુકારી બતાવવા સારૂ બરોબર રીતે ચાલશે. પછી ભરૂસો અને પ્રતીજ પડાવે છે. ભરૂસો પડયા પછી કોઇ પણ ખબર રાખશે નહીં ને લેપ કરનાર માણસ ઉત્તમ જણસો ઉડાવી દેશે ને કનિષ્ટ વસ્તુ વાપરશે. વળી લોઢાના ઓજારથી કામ કરશે. હવે કરાવનાર માણસને ઉપયોગ આવશે તો ગુમાસ્તા અથવા ચાકરોને હુકમ કરશે કે અલ્યા જાઓ જુઓ પેલા કારીગર બરોબર કામ કરે છે કે નહીં. ગુમાસ્તા નોકરો ન હોય તો ગોઠી ઉપર હુકમ કરશે ને કહેશે જે તું બરોબર ખબર રાખજે તો તે કહેશે જે સારૂ સાહેબજી!

પછી સાહેબજી ગયા પછી ગાંજો તમાકુ બેગાજ પીવા બેશી જશે ને કારીગરને કહેશે જે ઠીક છે શેઠ કહેતા ભલા ને આપણે સાંભળતાં ભલા. તેવી રીતે ઘણા ઠેકાણે જોવામાં આવે છે, પણ આવા જે મોટા ઉત્તમ દેવ તે કામનું કાજ પોતે શ્રાવકે કરવું અથવા શ્રાવક પાસે કરાવવું તેજ બહુ ઉત્તમ છે. ઉપર લખેલા એવા નીચ જાતિ, વળી નીચ બુદ્ધિવાળા તે પગારના લોભે કરીને દિવસ આઠનું કામ હશે તો ઓછામાં ઓછો માસ એક લગાવી પગાર ખાશે. વળી લેપ કરાવનાર માણસ ઉતાવળ કરવાનું કહેશે તો કહેશે કે શેઠજી સાહેબ આ કામ જેવું તેવું નથી ઉતાવળ કરવાથી કામ કાચુ રહેશે તેમ કહીને લે હાનો લેપો મહારાજ ઉપર ફેરવ્યા કરશે. કરાવનાર માણસને કાંઈ ઘરના પૈસા આપવા નથી માટે કારીગરને કહેશે જે ભાઈ ચાર દિવસ વધારે કરજે પણ કામ કાચું રહે નહીં એવું કહે. પછી કારીગર ખુશી થઈ પોતાનું ધાર્યુંજ કરે છે તેમાં પૈસા ખાવા કરતાં તો પ્રભુજીની મોટી આશાતના કરે છે.

લેપ કરાવનાર માણસે શ્રાવક પાસે લેપ કરાવવો અથવા શ્રાવકે પોતે કરવો તો તે ઉત્તમ કામ થશે, ને આશાતનાથી પણ ડરશે. વળી શ્રી જીન પ્રતિમાજી થી દેવાધી દેવની સેવા ચાકરી પુજા નોકરો ચાકરો રાખીને થવા માંડી છે તો તે ખેર, પણ તે લોકોની પાછી શ્રાવકો તપાસ પણ કરતા નથી. વળી છાના રહીને તેના છિદ્ર પણ જોતા નથી કે કેવી રીતે તે લોકો લોચ્યાવાળી આશાતના કરે છે તેનો તો તપાસ અવશ્ય શ્રાવકે કરવો જોઇએ છે. વળી

તપાસ કરવાથી ગોઠી, પુજારી કે ચાકરોને જરા ભય પણ રહેશે, ને ઘણો સુધારો થશે તેમ આશાતના પણ ઘણી ઓછી થશે એજ મારી વિનંતી છે.

વળી હાલના વખતમાં શ્રી શ્રાવકની કોમમાં ઘણે ભાગે દુઃખી થતા જાય છે તો તેનું કારણ તો મને એમ સંભવે છે જે દેવ દ્રવ્ય ભોગવવો, વાપરવો, ભક્ષણ કરવો વિનયથી સંભાળ્યો નહીં તેના દોષથી અથવા દેવગુરૂની આશાતના તથા દેવગુરૂનું અપમાન કરવાથી, તેમ અનાચાર સેવ્યાથી અથવા કનિષ્ટ વસ્તુઓ વાપરવાથી અને પોતાનો કુળ ધરમ મુકી દેવાથી, પોતાના દેવગુરૂ ઉપરની આસ્તા રહીત થવાથી દુઃખી થવાનું કારણ સંભવે છે. માટે તેનો વિચાર કરી શુદ્ધ આચરે શ્રી વીતરાગ દેવના વચન ઉપર શ્રદ્ધા રાખી ચાલવું તો સુખનું કારણ થાશે.

લી૦

શા. ચુનીલાલ ઝવેરચંદ ગામ વાડાસું દરવાળા.

શા. ડાહ્યાચંદ હઠીચંદ.

શા. વાડીલાલ અમીચંદ.

શા. દેવચંદ બહેચરદાસ.

શા. મુળચંદ જીવરાજ સહી.

ઝવેરી કકલભાઈ મલીચંદ.

શા દલપતરામ પુંજા રાધનપુરવાળા.

શા. મોતીલાલ હીમતરામ.

શ્રી આબુજીનું સ્તવન.

ઋષભ લો પરવત ધુંધળો રે લોલ.—એ દેશી.

આબુ અચળ રળિયામણો રે લોલ, દેલવાડે મનોહાર સુખકારી રે; વાદળીઓ જે સ્વર્ગ શું રે લોલ, દેવળ દીપે સાર બલીહારી રે. ભાવ ધરીને ભેટીએ રે લોલ. એ આંકણી. બાર પાદશાહી વશ કરી રે લોલ, વિમળ મંત્રી શર સાર સુ૦ તેને પ્રસાદ કરાવીઓ લોલ, રીષભજી જગદાધાર. ભ૦ આબુ૦ ૧ કરોડ ત્રેપન લાખ રે લોલ, ખરચ્યો દ્રવ્ય મનરંગ સુ૦ સંવત દશ અડાસીએ રે લોલ, ઓછવ કીધો અતિ ચંગ. ભ૦ આ૦ ૨ તેહ ચઇતમાં જીનવરૂ રે લોલ, આઠસેંને બહોતેર સુ૦ જે દીઠે પ્રભુ સાંભળે રે લોલ, મોહ કર્યો જેણે દુર. ભ૦ આ૦ ૩ દ્રવ્ય ભાવથી મળી રે લોલ, દીધી દેવળ કાજ; સુ૦ ચૈત્ય તીહાં મંડાવીઓ રે લોલ, સેવા શીવપુર રાજ. ભ૦ આ૦ ૪ પંદરસેં કારીગરો રે લોલ, દીધી ધરાપર નેક; સુ૦ તેમ મરદનકારક વળી રે લોલ, વસ્તુપાળે સુવિવેક. ભ૦ આ૦ ૫ કોરણી ધારણી તિહાં કરી રે લોલ, દીઠે બને તે વાત; સુ૦ પણ નવ જાય મુખે કહી રે લોલ, સુર ગુરૂ સમ વિખ્યાત. ભ૦ આ૦ ૬ ત્રણ વરસે નીપનો રે લોલ, તે પ્રસાદ ઉમંગ; સુ૦ બાર કરોડ ત્રેપન લાખ રે લોલ, ખરચ્યો દ્રવ્ય ઉછરંગ. ભ૦ આ૦ ૭ દેરાણી જેઠાણીના ગોખલા રે લોલ, દેખતાં હરખ તે થાય સુ૦ લાખ અઢાર ખરચીઆ રે લોલ, ધન ધન તેહની માય. ભ૦ આ૦ ૮ મુળનાયક નેમિસર રે લોલ, જનમ થકી બ્રહ્મચાર, સુ૦ નીજ સત્તા રમણી થયા રે લોલ, ગુણ અનંત આધાર. ભ૦ આ૦ ૯ ચારસેં ને અડસઠ ભલા રે લોલ, જીનવર બીંબ વિશાળ; સુ૦ આજે ભલે મેં ભે-

ટીયો રે લોલ, પાપે ગયા પાતાળ. બ૦ આ૦ ૧૦ રીષભ ધાતુ મેં દેહરો રે લોલ, એકસો પીસ્તાલીશ બીંબ; સુ૦ ચોમુખ ચૈત્ય જુહારીએ રે લોલ, મરૂધરમાં જેમ અંબ. બ૦ આ૦ ૧૧ બાણું કાઉસગીઆ તેહમાં રે લોલ, ઓગણીશી જીનરાય; સુ૦ અચળગઢે બહુ જીનવરા રે લોલ, વંદુ તેહના પાય. બ૦ આ૦ ૧૨ ધાતુમય પરમેશ્વરા રે લોલ, અદભુત જસ સ્વરૂપ; સુ૦ ચોમુખ જીનવર વંદના રે લોલ, થાયે નીજ ગુણ ભુપ. બ૦ આ૦ ૧૩ અઢારસેને અઢારમાં રે લોલ, ચૈત્ર વદ તીજ દીન; સુ૦ પાલણપુરના સંઘશું રે લોલ, પ્રણમું થયો ધન ધન. બ૦ આ૦ ૧૪ તીમસાની જીનેશ્વર રે લોલ, જાત્રા કરી અદભુત. સુ૦ જે દેખી જીન સાંભળે રે લોલ, સેવા કરે સો હેત. બ૦ આ૦ ૧૫ એમ જાણી આબુતણું રે લોલ, જાત્રા કરશે નર નાર; સુ૦ જીન ઉત્તમ પદ પામશે રે લોલ, પદ્મવિજય કહેતેહ. બલીહારી. આબુ અચળ રળીઆમણો રે લોલ. ૧૬

હવે શ્રી આબુજીની જાત્રા કરી પાછા ખરેડી સ્ટેશન ઉપર આવી જેણે શ્રી પંચ તીરથની જાત્રા કરવા જવું હોય તેને ખરેડીથી પીંડવાડાની ટીકીટ લેઇને પીંડવાડે સ્ટેશન ઉતરીને પીંડવાડા ગામમાં જવું ગામમાં સંપ્રતીરાજના કરેવેલા બે શીખરબંધ દેહેરાછે. વળી ઉતરવા માટે ધર્મશાળા તથા ઉપાસરો એકછે. એ ગામમાં વાણીઆ સાહુકારલોક ઘણાસારા રહે છે. ત્યાંથી ગાઉ ૧ ગામ અજારીમાં બાવનજીનાલી ૧ મોટું દેરૂં છે. તથા સરસ્વતીજી માતાનું એક દેહેરૂ છે. તેના દરશન કરીને પાછા પીંડવાડા

આવે. જો ત્યાં રાત રેહેવું હોય તો રાત રહેવામાં કાંઇ હ‑રકત નથી. નહીંતો પીંડવાડાથી બ્રાહ્મણવાડાજી મોહું તીરથ છે તે ગાઉ ૪ થાય છે તેને રાતા માહાવીર પણ કહે છે ત્યાં આગળ આસપાસમાં શ્રી માહાવીરસ્વામીજી માહારાજને મોટા ચાર ઉપસર્ગ થયા છે. તે પણ નકશામાં છપાવી પ્ર‑સિદ્ધ કરવ્યાં છે. પ્રથમ તો બ્રાહ્મણવાડાની પાસે નાદીઆ ગામ છે તે આગામીકાલે નંદનપુર એવે નામે શેહેર હતું તે શેહેરમાં શ્રી વીરભગવાને પોતે જીવતે પોતની મુરતી ભર ભરાવી તેથી તેમનું નામ જીવતસ્વામી એમ પરંમપરાથી ચાલે છે. તે શેહેરને હાલમાં નાદીઆ ગામ કેહે છે. તે ગામથી થોડે છેટે નંદનનામા વન હતું. તે વનમાં ચોમાસા નો કાળ આવેલો જાણીને ભગવાન ચોમાસું કાઉસગ્ગધ્યાનમાં રહ્યા હતા તે ઠેકાણે ચંડકોશીયા નાગે ... માણા પગે ડંખ માર્યો. તો પણ તે ચંડકોશી નાગને ઉપદેશ દેઇ ઇંદ્રની પદવી આપી. છેવટે તે મોક્ષે જશે. પછી બ્રહ્માણવાડા તીર્થ ના નજીક ગોવાળોએ ગાયો સોંપી મધ્યાનકાળે ગોવાળીઆ ઘેર ગયા. ભગવાન ધ્યાનમાં હતા ને તે ગાયો ચરતે ચરતે વગડામાં જતી રહી. ગોવાળીઆ આવી જુવે છે તો ગાયો દેખી નહી. પછી ઘણી મેહેનતથી ગોવાળીઆ ગાયોને લાવ્યા ને ભગવાનને ગાળો દેઇને ઘણા ક્રોધમાં ભરાણા, પછી રીસે બળતા ગાયોને દોહીને તે દુધની ભગવાનના બે પગ વચ્ચે ખીર રાંધી તો પણ ભગવાન ચાલ્યા નહી, ને બોલ્યા પણ નહી તે પછી તેજ ઠેકાણે રીસે બળીને બે કાનમાં બે બા‑જુથી મોટા ખીલા ઠોકયા. તે ખીલા સામા સામી અટકયા

તેવી રીતે મોટો ત્રીજો ઉત્કૃષ્ટોઉપસર્ગ ભગવાને સહન કર્યો તે ખીલાની વેદના કેટલાક દીવસ સહન કરી પછી આયુ-ષ્યનો કાળ નજીક આવ્યો. વળી સરવે જાતના કરમ ભો-ગવી કરમ રૂપી જે દેવું વ્યાજ સાથે આપી રહયા તે સમે કોઈ શ્રાવકો મારગે જાતા એવું ભગવાનનું દુઃખ દેખી આગળ પાછળ બે બાજુ આંબલી પીંપળી બે વૃક્ષ હતાં ત્યા દોરડા બાંધી બે બાજુના ખીલા કહાડયા તે વખતે ત્યાં ભગવાનને એવીતો વેદના થઈ તે સમે કવી ઉપમા કરે છે કે ખીલા ઠોકયા તે વેદના તો સહન કરી પરંતુ ખી લા કહાડતી વખતની વેદના ભગવાનથી સેહેવાઈ નહી, તેથી ભગવાને ચીસ પાડી. તે ચીસના શબ્દથી પાસેના પર્વત હતા તે એકદમ બીકથી બે ભાગ થઈ ગયા. અર-થાત પર્વત ધ્રુજવાથી પર્વત ઉપરથી પથ્થરની મોટી શીલા પડી બે ભાગ થયા. વળી પર્વત કંપાયમાન થયા, તેથી પર્વતોમાં વેરા એટલે સાંધા પડ્યા તેજ વખતે ભ-ગવાન મોક્ષ નગરીમાં પધાર્યા. તે સમયે ભગવાન પુદગલ રહીત થયા જાણી ઇંદ્રાદીક દેવો ઓછવ કરવા સારૂ આવ્યા. તે ઓછવ કર્યા પછી સર્વે દેવોએ મળી હાડ, ડાઢા વગેરે લઈ લીધાં ને જે જગ્યાએ પુદગલ ખરી પડ્યું હતું તે જમીન ઉપરથી સરવે રેત લેઇને તે વેળુની પ્રતિમા જીનબિંબ ભર્યા ને ત્યાંજ આગળ તીર્થની થાપના કરી બ્રાહ્મણોનું ગામ હતું તેથી એ મુલકમાં બ્રાહ્મણવાડા તી-ર્થનું નામ ચાલ્યું આવે છે. હવે જો વધારે જાત્રા કરવાના ભાવ હોય તો બ્રાહ્મણવાડાથી ગાઉ ૪ શારોહી મોટું શેહેર

શ્રી શહેરમાં મોટા શીખરબંધ બાર દેરાસરો છે તે ઘણા રમણીક ને સુંદર છે. તે પણ શ્રી પંચ તીરથના નકશામાં છપાવી પ્રસિદ્ધ કર્યા છે; હવે જો શીરોહી જવાની થીરતા ન હોય તો બ્રાહ્મણવાડાથી પછા પીંડવાડાના સ્ટેશન ઉપર આવીને ખુંડાલાની ટીકટ લેવી. તે ખુંડાલે ઉતરીને સ્ટેશન ઉપર બેલગાડીઓ મળે છે તે ગાડીવાળા સાથે ઠરાવ કરવો જે હમારે શ્રી પંચ તીરથી તથા રાણકપુર વીગેરે જે જે ગામમાં દેરાસર હોય ત્યાં જાત્રા કરાવી પાછા શાણી કે ખુંડાલે મુકે બોલીથી ગાડુ ભાડે કરી ફરવું તે મુખ્ય ગામો તથા દેરાસરો નકશામાં પણ છપાવ્યા છે ને આ વિનંતીપત્રમાં પણ મુખ્ય મુખ્ય નામ જણાવ્યા છે કારણકે વિસ્તાર સહીત વીગતવાર શું શું કારણથી તીર્થ તથા નામ થયા તે કરતાં ચોપડી ઘણું વધી જાય માટે જાત્રા કરનારાઓએ જે જે ઠેકાણે જાત્રા કરી પછીથી માલમ પડશે. હવે પીંડવાડેથી જતાં જારોલી ગામમાં મોટું બાવનજીનાલી ૧ દેરૂં છે ત્યાંથી વીરવાડામાં ૨ દેરાં છે. મંડવડા ગામમાં ૨ દેરાસર છે નાદીઆ ગામમાં ૧ દેરૂ જીવત સ્વામીજી ત્યાંથી લોટાણાજી મોટું ૧ દેરૂ તથા ધરમશાળા છે. શ્રી દેનાજી મોટુ દેરૂ ૧ તથા ધરમશાળા ૧ મોટી છે. હવે ખુંડાલાથી નાના ગામમાં મોટુ દેરાસર ૧ છે. બેડાગામમાં ૧ દેરાસર મોટુ શીખરબંધ છે. ધાણેરા ગામ- ૪ દેરાસરો શીખરબંધ છે. નાહલાઈ ગામમાં ૬ દેરાસરો શીખરબંધ છે વરકાણાજીમાં ૨ દેરાસરો મોટા તથા ધરમશાળા ૧ છે. નાડોલ ગામમાં ૨ દેરાસરો શીખરબંધ છે.

બીમેલ ગામમાં ૨ દેરાશીખરબંધ મોટા છે બીજવા ગામમાં ૧ દેરૂ મોટું છે. રાણીગામમાં ૧ દહેરૂ મોટું શીખરબંધ છે. સાદરી ગામમાં મોટા શીખરબંધ ૩ દેરાસર તથા ૧ મહાદેવજીનું દેરૂ તથા ધરમશાળા મોટી ૬ વળી રાણેકપરજીનું કારખાનું તથા ભંડાર સાદરીમાં રહે છે. સાદરી ગામથી ગાઉ ૧ શ્રી રાણેકપરજીનું મોટું તીરથ હાલમાં જંગલમાં છે તે દહેરૂ તો હેવુ મોટું ને ઘણું રમણીક ને ઘણી શોભાથી સોભયમાન થઇ રહયું છે તેનું વર્ણવ લખી શકાય તેમ નથી. કીંચીત માત્ર ઓપમા એટલીજ છે કે નવાણુ લાખ દ્રવ્ય એ દેરા ઉપર ખરચ લગાવ્યું છે. એ દેરાસરમાં ૯૯૯ થાંભલા છે પણ કોઇ ગણવા જાયતો ગણી શકતા નથી એવી ભુલવણી ચુકવણી છે. જે દરવાજે પેશીને થાંભલા ગણવા અથવા દર્શન કરવા એકલા માણસો જાય તો પાછો દરવાજો મળે નહી ત્યાંના ગોઠીને સાથે લીધા વીના દરશન બરાબર દર્શન કરી શકતા નથી હવે એ દેહેરાની બાંધણી નલનીગુલ્મ વીમાનને આકારે છે. એ દેહેરાની શોભા ને વર્ણન કહી શકાતુ નથી. જેણે જાત્રા કરી હોય તે તેના મનમાં સમજી રહે પણ કહી શકે નહી, માટે શ્રી પંચતીર્થની જાત્રા તથા બ્રાહ્મવાડાજી તથા શીરોઇની તથા રાણકપુરજીની એ સરવે જાત્રાઓ જરૂર મનુષ્ય જન્મ પામીને એકવાર પણ કરવી, કારણ કે આયુષ્યની કાંઈ ખબર પડતી નથી. વળી એ પંચતીરથ કરતા ઘણા દેરાસરો તો શ્રી સંપ્રતી રાજાના કરાવેલાં છે. વળી એ પ્રાંતમાં જીરણ દેરાસરો તથા કંઈક જાતની આશાતનાઓ પણ ઘણી રહી

છે. માટે શ્રી સંઘ તપાસ કરી જરૂર સુધારો કરાવી આશાતનાઓ ટાળવી એ ઘણા લાભનું કારણ છે. વળી એ દર્શના કરવા જોગ છે.

વળી શ્રી પંચતીરથનો નકશો ઘણો જોવા લાયક તથા દરશાન કરવા જોગ છે. માટે સરવે સાધરમી ભાઈઓએ જરૂર નકશો તથા તેની સાથે ચોપડી લેવી. કીંમત પણ ઘણી ઓછી છે. આબુજી ઉપર અચલઘડના કારખાનેથી મળસે.

શ્રી રાણેકપુરજીનું સ્તવન.

શ્રી રાણેકપુર રળીઆમણુંરે લાલ. શ્રી આદેસર દેવ મન મોહ્યુંરે, ઉતંગ તોરણ દેહેરૂંરે લાલ, નીરખીજે નીત મેવ મ૦ શ્રીના ૧॥ ચોવીસ મંડપ ચીહું દીસેરે લાલ૦ ચોઉ મુખ પ્રતીમા ચાર મ૦ ત્રીભોવન દીપક દેહેરૂંરે લા૦ એ સમોવડ નહી સંસાર મ૦શ્રીના ૨॥ દેહેરી ચોરાસી દીપતીરે લા૦ માડો અસ્ટાપદ મેર મ૦ ભલે જુહાર્યો ભુઇરારે લા૦ સુતા ઉઠી સવેર મ૦. શ્રી ॥૩॥ દેશ જાણીતો દેહરોરે લા૦ મોટા દેશ મારવાડ મ૦ લાખ નવાણું લગાવીઆરે લા૦ ધન ધન્નો પોરવાડ મ૦ શ્રી. ॥૪॥ ખરતરવ સહી ખાંતસુરે લા૦ નીરંખતા સુખ થાએ મ૦ પાંચ પ્રસાદ બીજા વળીરે લા૦ જોતાં પાશ્ચીત જાય મ૦ શ્રી ॥૫॥ આજે કૃતારથ હું થયોરે લા૦ આજે થયો આણંદ મ૦ જાત્રા કરી જીનવર તણીરે લા૦ દુર ગયા દુખાંદ મ૦ શ્રી. ॥૬॥ સંવત સોલને છાતરેરે લા૦ માગસર માસ મોઝાર મ૦ રાણેકપુરે જાત્રા કરીરે લા૦ સમય સુંદર સુખકાર મ૦ શ્રી ॥૭॥

સમાપ્ત.

શ્રી વસ્તુપાલ તેજપાલ મંત્રીસ્વર રાજાએ પોતાની ઉમરમાં શું શું ધર્મના કામ કર્યા ને કેટલો દ્રવ્ય ધરમાદા ખરચ્યો તે નીચે પ્રમાણે જાણી લેવો. વીશ તે વિક્રમ સંવત ૧૨૭૮ ના વરસમાં એક પંડીતે લખેલું છે.

સંઘ કહાડયો તે કેવી રીદ્ધીસીદ્ધીથી.

૨૧ એકવી આચારીઓને પદસ્થાપના કરી.

૧૦૦૦ એકહજાર સીંહાસન માહાત્મા નીમીત્તે કરાવ્યા.

૩૫૦૦ ત્રણહજાર ને પાંચસે તપોધન ગછ સંન્યાસી નીનીને આંધી.

૧૦૦૦ એકહજાર સંઘ પુજા કરાવી.

૧૮૦૦ અઢારશે સાધુઓ મહાત્મા આહાર વોહોરતા.

૮૪ ચોરાશી મસીતો તુરક લોકોની કરાવી.

૩૦૦૦૦૦ ત્રણ લાખ દ્રવ્ય ખરચી શ્રી સેત્રુંજે તોરણ બંધાવ્યું.

૪૦૦ ચારસો વર કન્યા પરણાવ્યા.

૩૦૦૦૦૦ ત્રણ લાખ દ્રવ્ય ખરચી હુજે તોરણ બંધાવ્યું.

૩૦૦૦૦૦ ત્રણ લાખ દ્રવ્ય ખરચી દુવારકાએ તોરણ બંધાવ્યું.

૪૬૪ ચારસો ચોસઠ વાવો કરાવી.

૯૦૦ નવસો કુવા કરાવ્યા.

૩૭૩૭૨૧૮૮૧૬ સરવ મળી ત્રણ અબજ તોહોતેર ક્રોડ બોહોતેર લાખ અઢાર હજાર આઠસે સોળ લોહીએ ઉના એટલુ દ્રવ્ય પુન્ય અરથે ખ-

૨૯ મું સંવત ૧૨૯૮ માં વસ્તુપાલનું સ્વર્ગા રોહણ થયું.

હવે તીર્થ જાત્રાએ ગયા ત્યારે સાથે પરીવાર લીધો.

૨૪ ચોવીસ રથ હાથીદાંતના સંઘમાં હતા,

૪૫૦૦ ચાર હજારને પાંચસો સેહેજવાળા સંઘાતે હતા.

૪૫૦૦ ચાર હજારને પાંચસો ગાડાં સંઘમાં હતાં.

૧૧૦૦ અગીયારસો વેહેલો હતી.

૫૦૫ પાંચસોને પાંચ પાલખીઓ સાથે હતી.

૨૦૦૦ બે હજાર પોઠીઆ સાથે હતા.

૭૦૦ સાતસેં સુખાસન હતા.

૨૨૦૦ બે હજાર બસે શ્વેતાંબરી સાધુ સાથે હતા.

૧૧૦૦ અગીઆરસો દીગંબર વેષ ધારી હતા.

૪૦૮ ચારસોને આઠ ઉંટ સાથે હતા.

૪૫૦ ચારસોને પચાસ જીન ગાયન કરનાર ભોજક સાથે હતા.

૧૦૦૦ એક હજાર કંદોઈ મીઠાઈ કરનાર સાગે હતા.

૩૩૦૦ ત્રણ હજાર ને ત્રણસો ચારણ સાથે હતા.

૩૩૦૦ ત્રણ હજાર ને ત્રણસો ભાટ સાથે હતા.

૧૩૫૦ સાડીતેરસો કુંભાર વાસણના કરનાર સાથે હતા.

૪૦૦૦ ચાર હજાર ઘોડા સાથે હતા.

૭૦૦૦૦૦ સાત લાખ માણસ સાથે હતા.

૫૦૦ પાંચસો સુતાર સાથે હતા.

૩૫૦ ત્રણુસોને પચાસ દીવેટીઆ સાથે હુતા.

૧૦૦૦ એક હુજાર લુવાર સાથે હુતા.

એવી રીતે એટલા પરીવારથી જાત્રાએ ફરી સંસારીક કામ કરાવ્યાં તે નીચે મુજબ.

૩૬ છત્રીશ ગઢ બાંધ્યા.

૬૩ ત્રેસઠ વખત લઢાઈએ ચડીને બળ ફેરવ્યું

૨૪ ચોવીસ બીરૂદાવળી બોલાવી.

૧૮ અઢાર વરસ વેપાર કર્યો.

૧૦૦૦ એક હુજાર વરખાસન આપ્યા.

૪ ચાર રાજા શેવા કરતા હુતા.

૧૮૦૦ અઢારશે વાહુન કરવ્યા.

વસ્તુપાલ ૧૩૨૮ માં સ્વર્ગારોહુણ થયા છે વધારે વીસ્તાર જોવો હોય તો એમના ચરીત્ર વાંચવાથી માલમ પડશે.

અને તેજપાલ સંવત ૧૩૦૮ માં સ્વર્ગારોહુણ થયા છે.

લાવણી.

ગુણવંતા ગુરૂના ગુણ, ઘણું ગાજે;
ભવી ભાવે ભજો બાલ ચંદ્ર, માહા મુનીરાજે. આંકણી.
ભવ જલનું તારણ નાવ, જીવકા વાહાલા. જીવ.
લાગી મોહુની તુમ તણી, કહું શું લાલા,
માહા બ્રુત ગુરૂ ગુણવંત, ધરા મન તેજે. ધરા.
બાવીશ બળીઆથી મુગતીવર લીજે. ભવી. ૧
પુના શહેર છે પ્રખ્યાત, શોભા છે સારી, સો.
વસે શ્રાવક સુખીઆ લોક, બુદ્ધિ ઘની સારી, સારી;

ચોમાસુ કર્યું બાળચંદ્ર, મહા મુની રાજે. મા.
દીએ દેશના અમરતધાર, સંદેહ મન ભાજે, ભ. ૨
ભગવતી સુત્રકો મહીમા સુનાયો ભારી. સુ.
પ્રતીબોધ્યા ગગલભાઇશેઠ, ધીરજ મન ધારી;
ઓછવ ઉજમણા તણો, કર્યો મન મોજે
તેની શોભાનો નહી પાર, બીરાજે મહારાજે. ભ. ૩
અસ્ટાપદ રચના કરી, ઉલટ મન આણી. ઉ.
તેની શોભા સુંદર સાર, ભવીક મન માણી.
તીહાં ગાવે ગીત નર નાર, મનની મોજે. મ.
બાલચંદ્ર ગુણી મહારાજ, સભામાં બિરાજે. ભ. ૪
પુજા ભણાવે મનોહાર, હે અમ્રતવાણી. અ.
તે સુણ ગગલભાઈ શેઠ ઉલટ મન આણી.
વરઘોડો ચડયો ધણઘોગ, છાબેલા બીરાજે. શા.
ભેર ભુંગલને શરણા, વાજા તીહાં વાજે ભવી. ૫
સ્વામી વત્સળની શોભા; સુણો ભાઈ સરવે. સુ.
સાત જાતીના પકવાન, કરે મુકી કરવે.
પાન સોપારીના બિડા બન્યા બહુ તાજે;
ઓછવ કીઓ ઉછરંગ, મનની મોજે. ભવી.૬
સંવત ૧૯૫૦ કેરી સાલે, કે પ્રથમ મારો. પ્ર.
કારતક વદ ૫ મુરત કરું ઉલાસે;
ગાયે લાવણી મનો હાર, મનની મોજે.
શાઠી શોભાચંદરામ, સભામાં રાજે. ભવી.૭

જાહેર ખબર.

સર્વે જૈનધર્મી સદ્દહસ્થોને સુચના કરવામાં આવે છે. કે આ ચોપડી તથા શ્રી આબુજી તીર્થનો નકશો બહુ મહેનતથી સોધન કરી અદ્દભુત દરસનરૂપી છપાવી પ્રસિદ્ધ કરેલી ચોપડી સાથે જે મોટા નકશાઓને અલ્પ મુલ્ય જાણીને જ્યાં ત્યાં રખડતા મુકવા નહીં તેને રૂડી રીતે શુદ્ધ જગ્યાએ ઉચે આસને બાંધી પ્રભાતના પહોરમાં ઉઠીને એજ આબુજીના તીર્થનું દરશન કરી ખમાસણા દેઇ ધુપ દીવા કરી પછે સ્તવના કરવી એ રીતે ઉલ્લાસ ભાવથી રૂડી ભક્તી કરી દર્શન કરવાં. એવી રીતે એ તીર્થનું બહુ માનથી સારી રીતે સંભાળ રાખવાથી કે તિર્થની જાત્રાનું મોટું મોક્ષનું ફળ આપે છે. ને જો તીર્થની આશાતના કરવાથી ઘણા માઠાં ફળ પામી આ ભવ દુખી થઇ કાળ કરી માઠી ગતી પામવાપણું થાય છે માટે આશાતના કરવી નહી.

જાહેર ખબર.

આ ચોપડી તથા નકશો શ્રી આબુજીના કારખાનેથી રોકડી કીંમતે મળશે. દેશાવરવાળાએ ટપાલ ખરચ સાથે ત્રણ આના મોકલી મંગાવવી

આ વખત બેઠે તીર્થ આવ્યું છે. માટે એ અવસર કોઇ ભાઇઓએ ચુકવો નહીં.

શ્રી આબુજીનો તથા પંચ તીર્થના નકશા સાથે આ ચોપડી મળશે.

સોનાના વરખથી આંગીઓ, મુગટો વીગેરે દાગીના રસાય છે તે કેવી રીતે રસાવવાથી ફાયદો થાશે તે વીશે આ ચોપડીમાં જાહેર કરેલું છે, તે પ્રમાણે કામ લુગડાં ઉપર ખુલ્લા વરખ રાખીને કામ કરાવવું. લુગડાંની બેવડમાં વરખ ઢાંકવાથી કારીગરોને ચોરવાનો લાગ સારો ફાવે છે તેથી ઉઘાડાં વરખથી કામ કરાવવું.